મહિલા એશિયા કપ

ભારતે બાંગ્લાદેશને આપ્યો 150નો લક્ષ્યાંક

મુશ્કેલ પીચ પર શેફાલી વર્માની તોફાની બેટિંગની મદદથી ભારતીય ટીમે પાંચ વિકેટે 149 રન બનાવ્યા

ત્રણ જીવતદાન મેળવનારી શેફાલી વર્માએ 40 બોલમાં 64 રનની આક્રમક ઇનિંગ રમી

દુબઈ, તા. 10 : મહિલા એશિયા કપની આજે ગુરુવારે અહીં રમાયેલી સેમી ફાઇનલમાં અન્ય બેટર્સના નિરાશાજનક પ્રદર્શન વચ્ચે મુશ્કેલ પીચ પર નસીબનો સાથ મેળવીને શેફાલી વર્માએ રમેલી તોફાની ઇનિંગની મદદથી ભારતે પાંચ વિકેટે 149 પન બનાવીને બાંગ્લાદેશ સામે 150 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

40 બોલમાં 64 રનની આક્રમક ઇનિંગ દરમિયાન શેફાલીને 6, 11 અને 56 રનના વ્યક્તિગત સ્કોર પર ત્રણ વખત જીવનદાન મળ્યું હતું. ટુર્નામેન્ટમાં અત્યાર સુધી પ્રભાવશાળી રહેલું બાંગ્લાદેશનું બોલિંગ આક્રમણ મોટાભાગની ઇનિંગ્સ દરમિયાન અનુભવી ભારતીય બેટ્સમેનોને શાંત રાખવામાં સફળ રહ્યું હતું. બાંગ્લાદેશને કુલ ચાર છોડેલા કેચ ભારે પડ્યા, નહીંતર ભારત માટે 120 રનનો આંકડો પાર કરવો પણ મુશ્કેલ બની ગયો હોત. સામાન્ય રીતે સ્પિન સામે સારું રમનારી ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર 28 બોલમાં નોટઆઉટ 24 રન સાથે પોતાની ઇનિંગ્સ દરમિયાન સંઘર્ષ કરતી જોવા મળી હતી અને તેના પ્રથમ 16 બોલમાં તે માત્ર ચાર રન જ બનાવી શકી હતી. ટોચના ચારમાં સામેલ અન્ય બેટરો 100થી ઓછા સ્ટ્રાઇક રેટથી રમ્યા હતા, જ્યારે શેફાલીએ સ્પિનરો સામે ત્રણ છગ્ગા ફટકારીને 160ના પ્રભાવશાળી સ્ટ્રાઇક રેટ સાથે રન બનાવ્યા હતા. ભારતે પાવરપ્લેમાં એક વિકેટે ૪૫ રન બનાવીને સારી શરૂઆત કરી હતી, પરંતુ મધ્ય ઓવરોમાં તેઓ રનગતિ વધારી શક્યા ન હતા.

ભારતીય મહિલા	રન	બોલ	4	6
મંધાના કો.શોરાના બો.સુલતાના	2	5	0	0
શેફાલી કો.ફરજાના બો.સુલતાના	64	40	7	3
પ્રતિકા કો.દિલારા બો.રુબેયા	20	24	1	1
હરમનપ્રીત નોટઆઉટ	24	28	0	2
ઋચા કો.નિગાર બો.નાહિદા	21	16	0	2
દીપ્તિ કો.રુબેયા બો.મારુફા	13	6	1	1
કુલમણી રનઆઉટ	0	1	0	0
વધારાના	5			
કુલ (20 ઓવરમાં છ વિકેટે)	149			

વિકેટપતન : 1-9, 2-59, 3-92, 4-128, 5-149, 6-149

બોલિંગ	O	M	R	W
મારુફા અખ્તર	4	0	40	1
સુલતાના ખાતુન	3	0	30	2
નાહિદા અખ્તર	4	0	25	1
રુબેયા ખાન	4	0	22	1
ફહિમા ખાતુન	4	0	21	0
શોરાના અખ્તર	1	0	10	0

ભારતીય ટીમમાં હર્ષિત રાણાના સ્થાને યશ ઠાકુરનો સમાવેશ

અફઘાનિસ્તાન સામેની ટી-20 સીરિઝ અને એશિયન ગેમ્સમાંથી અનફિટ હર્ષિત રાણા આઉટ

જસપ્રીત બુમરાહ, વોશિંગ્ટન સુંદર અને નીતિશ કુમાર રેડ્ડી ફીટ જાહેર

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઇ) : અફઘાનિસ્તાન સીરિઝ અને એશિયન ગેમ્સ માટે ઇજાગ્રસ્ત હર્ષિત રાણાના સ્થાને ઝડપી બોલર યશ ઠાકુરને ભારતીય ટી-20 ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જ્યારે ઝડપી બોલર જસપ્રીત બુમરાહને ફિટ જાહેર કરવામાં આવ્યો છે. ભારત માટે છેલ્લે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રમનાર રાણા બેંગલુરુમાં બીસીસીઆઇ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ઈજામાંથી રિકવરી પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે.

બીસીસીઆઇએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે સોમવારે મેચની પરિસ્થિતિમાં પ્રેક્ટિસ દરમિયાન બોલિંગ કરતી વખતે તેને જાંઘમાં ઈજા થઈ છે. રાણા રિહેબ દરમિયાન સારી રીતે સ્વસ્થ થઈ રહ્યો હતો. જોકે, 7 સપ્ટેમ્બરના રોજ મેચ જેવી પરિસ્થિતિઓમાં પ્રેક્ટિસ કરતી વખતે તેને જાંઘમાં ઈજા થઈ હતી અને હવે તે રમી શકશે નહીં

ઠાકુરે જુલાઈમાં ભારતના ઝિમ્બાબ્વે પ્રવાસ દરમિયાન ટી-20 ઇન્ટરનેશનલમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે બે મેચમાં ચાર વિકેટ લીધી હતી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં 7.04ના ઇકોનોમી રેટથી 81 વિકેટ લીધી હતી. બુમરાહ, ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડી અને વોશિંગ્ટન સુંદરને પણ આ બે ટુર્નામેન્ટમાં રમવાની મંજૂરી આપવામાં આવી છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની ટી-20 સીરિઝ 13 સપ્ટેમ્બરથી શરૂ થશે. ત્યારબાદ ભારતીય ટીમ 22 સપ્ટેમ્બરે જાપાન સામે રમશે. એશિયન ગેમ્સમાં ભારતનો પહેલો મુકાબલો 28 સપ્ટેમ્બરે યોજાવાનો છે.

અફઘાનિસ્તાન સીરિઝ માટેની ભારતીય ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન, ઈશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, યશ ઠાકુર.

એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન, શિવમ દુબે, તિલક વર્મા, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, વૈભવ સૂર્યવંશી, યશ ઠાકુર.

યુએસ ઓપન : ગફ, રિબાકીના ઝવેરેવ, ખચાનોવ સેમી ફાઇનલમાં

મીરા એન્દ્રીવા સામે પહેલો સેટ હાર્યા પછી વાપસી કરીને કોકો ગફ જીતી, રિબાકીનાએ ઝેંગ કિનવેનને હરાવી

ઝવેરેવ ઝાન્ડશુલ્પને હરાવી અંતિમ ચારમાં પહોંચ્યો, એલેક્ઝાન્ડર બ્લોક્સ ચાલુ મેચે ખસતા ખચાનોવ સેમીમાં

ન્યૂયોર્ક, તદા. 10 : યુએસ ઓપનમાં મહિલા સિંગલ્સમાં આજે કોકો ગફ અને નવી નંબર વન એલેના રિબાકીનાએ પોતપોતાની મેચ જીતીને સેમી ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. આ બંને સેમી ફાઇનલમાં બાથ ભીડવાની છે જ્યારે બીજી સેમી ફાઇનલ આર્યના સબાલેન્કા અને જેસિકા પેગુલા વચ્ચે રમાશે. પુરુષ સિંગલ્સમાં ટોચના ક્રમાંકિત એલેક્ઝાન્ડર ઝવેરેવે સરળતાથી બોટિક વાન ડે ઝાન્ડશુલ્પને હરાવીને સેમીમાં પ્રવેશ કર્યો હતો, તેનો સામનો કારેન ખાચાનોવ સાથે થશે. એલેક્ઝાન્ડર બ્લોક્સ ચાલુ મેચે ખસી જતા ખચાનોવે ત્રીજી ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ફ્લશિંગ મેડોઝમાં જ પોતાનું પ્રથમ ટાઇટલ જીતનારી ગફે બુધવારે મીરા એન્દ્રીવા સામે બે મેચ પોઇન્ટ બચાવીને 2-6, 7-6, 6-2થી જીત મેળવીને અંતિમ ચારમાં નામ લખાવ્યું હતું. આ અગાઉ બુધવારે એલેના રિબાકિનાએ ઝેંગ કિનવેનને 3-6, 6-1, 6-4થી હરાવી હતી, જેનાથી ટૂર્નામેન્ટ પૂરી થયા બાદ તેનું ડબ્લ્યુટીએ રેન્કિંગમાં નંબર 1 બનવું નક્કી થઈ ગયું છે. બુધવારે રાત્રે રમાયેલી મેચમાં ઝવેરેવે ઝાન્ડશુલ્પને 6-2, 7-5, 6-1થી હરાવીને આ સીઝનની તમામ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટની અંતિમ ચારમાં સ્થાન મેળવી લીધું છે. એલેક્ઝાન્ડર બ્લોક્સ ત્રીજા સેટ દરમિયાન ઈજાના કારણે મેચમાંથી હટી જતાં ખાચાનોવ વિજેતા જાહેર થયો હતો. ખાચાનોવ શુક્રવારે સેમી ફાઇનલમાં ઝવેરેવ સામે રમશે, પુરુષ વિભાગની બીજી સેમી ફાઇનલમાં બેન શેલટોન અને ફ્રાન્સિસ ટિયાફો વચ્ચે ઓલ-અમેરિકન મુકાબલો થશે.

ઈસ્ટ ઝોને 13 વર્ષ પછી દુલીપ ટ્રોફી જીતી

સાઉથ ઝોન પર પ્રથમ ઇનિંગ્સની સરસાઇના આધારે ઇસ્ટ ઝોન વિજેતા જાહેર

ચેન્નાઈ, તા. 10 (પીટીઆઈ) : ઈસ્ટ ઝોને ગુરુવારે સાઉથ ઝોન સામે ડ્રો થયેલી મેચમાં પ્રથમ ઈનિંગની સરસાઇના આધારે ફાઈનલમાં પોતાના સંપૂર્ણ વર્ચસ્વને ટાઇટલ જીતમાં રૂપાંતરિત કરીને 13 વર્ષ પછી દુલીપ ટ્રોફી જીતી હતી. ઈસ્ટ ઝોને બીજા દાવમાં સાત વિકેટે 388 રન બનાવ્યા, જેનાથી તેમની કુલ સરસાઇ 760 રન થઈ અને તે પછી મેચ ડ્રો જાહેર કરવામાં આવી.

આ મેચમાં સદી ફટકારનારાઓની યાદીમાં મોહમ્મદ કોનેન કુરેશીનો ઉમેરો થયો. તેણે નોટઆઉટ 116 રન બનાવ્યા, જે તેની એકમાત્ર બે મેચની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની પહેલી સદી હતી. કુરેશીએ અનુકુલ રોય (64) સાથે સાતમી વિકેટ માટે 150 રનની ભાગીદારી કરી. જોકે, બંને ટીમોના ખેલાડીઓએ બપોરે 2:10 વાગ્યે હાથ મિલાવતા મેચ ડ્રો જાહેર થઈ તે પહેલાં, ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગ્સના કુલ 708 રન સાથે ટાઇટલ પર કબજો જમાવી લીધો હતો. આ મોટા સ્કોરે ટીમને 372 રનની લીડ આપી.

મહિલા જુનિયર હોકી એશિયા કપ : ભારતે પાકિસ્તાનને 19-0 કચડ્યું

આક્રમક પ્રદર્શન કરી ભારતીય જૂનિયર મહિલા ટીમે ટૂર્નામેન્ટની સૌથી મોટી જીત સાથે સેમીમાં પ્રવેશ કર્યો

મોકી (ચીન), તા. 10 (પીટીઆઈ) : મહિલા જુનિયર એશિયા કપ હોકી ટૂર્નામેન્ટમાં પોતાના પ્રભાવશાળી પ્રદર્શનને જાળવી રાખીને ભારતે ગુરુવારે અહીં પાકિસ્તાનને 19-0થી કચડી નાંથીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. મેચમાં ભારતે શરૂઆતથી અંત સુધી પ્રભુત્વ જમાવ્યું અને આક્રમક રમત દર્શાવીને ટુર્નામેન્ટની સૌથી મોટી જીતમાંની એક નોંધાવી. 18 પેનલ્ટી કોર્નર અને એક પેનલ્ટી સ્ટ્રોક મેળવવાની સાથે ભારતે 19 ગોલ કર્યા જેની સામે પાકિસ્તાન પેનલ્ટી કોર્નર કે પેનલ્ટી સ્ટ્રોક તો મેળવી ન શક્યું અને સાથે જ એક પણ ગોલ,કરવામાં નિષ્ફળ રહ્યું હતું. શનિવારે સેમી ફાઇનલમાં ભારતનો મુકાબલો કોરિયા અને મલેશિયા વચ્ચેના મેચના વિજેતા સામે થશે.

ભારતે પહેલા ક્વાર્ટરમાં પાંચ, બીજા ક્વાર્ટરમાં પાંચ, ત્રીજા ક્વાર્ટરમાં ત્રણ અને અંતિમ ક્વાર્ટરમાં છ ગોલ કરીને મોટી જીત નોંધાવી અને ગૌરવ સાથે સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો. આ મેચમાં પૂજા મલિકે હેટ્રિક કરી હતી. ભારતે પ્રથમ પાંચ મિનિટમાં બે પેનલ્ટી કોર્નર મેળવ્યા, પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ ગયું. ભારતે છઠ્ઠી મિનિટમાં પણ ગોલ કર્યો, પરંતુ રેફરલ બાદ ગોલ રદ કરવામાં આવ્યો.

ભારતે દબાણ જાળવી રાખ્યું અને એક મિનિટ પછી બીજો પેનલ્ટી કોર્નર મેળવ્યો. આ વખતે, પૂજા સાહુએ કોઈ ભૂલ કરી નહીં અને ગોલમાં રૂપાંતર કરીને ભારતને 1-0ની સરસાઇ અપાવી. નવમી મિનિટે રોશની આઈન્ડના ફિલ્ડ ગોલથી ભારતે તરત જ પોતાની સરસાઇ બમણી કરી દીધી.

રોહિતે પહેરેલી 'નોન-કમિટલ?' ટી-શર્ટને ચાહકોએ અગરકર સાથે જોડી

અજીત અગરકરે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા કહ્યું હતું કે રોહિત-કોહલી વર્લ્ડકપ માટે અનિશ્ચિત (નોન કમિટલ) છે

મુંબઈ, તા. 10 : ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન અને ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા હવે ક્રિકેટના મેદાનથી દૂર, મનોરંજન જગતમાં એક નવી સફર શરૂ કરી રહ્યા છે. "હિટમેન" તરીકે જાણીતા, રોહિત શર્મા ટીવી ગેમ શો "ફેમિલી ફુલ હાઉસ" માં હોસ્ટ તરીકે ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. શોના સેટ પરથી શેર થયેલા તેના માત્ર એક શબ્દ લખેલા ટી-શર્ટ સાથેના ફોટાએ સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા જગાવી છે. રોહિતના ટી-શર્ટ પર 'નોન-કમિટલ?' લખ્યું હતું અને તેનાથી ઓનલાઈન ચર્ચા શરૂ થઈ ગઈ. ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે આ મુખ્ય પસંદગીકાર અજિત અગરકરની મજાક ઉડાવવાનો એક રસ્તો હોઈ શકે છે. અગરકરે ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા કહ્યું હતું કે રોહિત અને કોહલી બંને વર્લ્ડ કપ અંગે નોન કમિટલ અર્થાત અનિશ્ચિત છે. આ તે સમય હતો જ્યારે રોહિતને વન ડે ટીમના કેપ્ટન પદેથી હટાવીને શુભમન ગિલને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. આ ટી શર્ટ પર લખેલો શબ્દ માત્ર સંયોગ છે કે પછી અગરકર અને ગૌતમ ગંભીર માટેનો સીધો મેસેજ છે એ ચર્ચાનો વિષય છે.

વર્લ્ડકપમાં રમવા અંગે રોહિત બોલ્યો : ઓક્ટોબર 2027 હજુ ઘણે દૂર

મુંબઈ, તા. 10 (પીટીઆઇ) : ભારતના સ્ટાર ક્રિકેટર રોહિત શર્માને આજે ગુરુવારે અહીં આવતા વર્ષે યોજાનાર વન ડે વર્લ્ડકપમાં રમવાની શક્યતા વિશે જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે ઓક્ટોબર 2027 હજુ ઘણે દૂર છે. માજી કેપ્ટને અહીં એક કાર્યક્રમ દરમિયાન એક વાક્યમાં આ જવાબ આપ્યો હતો. રોહિતની ટી-20 ઇન્ટરનેશનલ અને ટેસ્ટ ક્રિકેટમાંથી ગેરહાજરીને કારણે વનડે ફોર્મેટમાં તેના ભવિષ્ય અંગે અટકળો શરૂ થઈ ગઈ છે. રોહિતે ઇવેન્ટ દરમિયાન એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ઓક્ટોબર 2027 હજુ ઘણે દૂર છે, પછી જોઈશું. તેને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે શું ભારત ખિતાબ જીત્યા બાદ ચાહકો સાથે ઉજવણી કરવા માટે ઓપન-ટોપ બસ પરેડનું આયોજન કરશે ત્યારે તેણે કહ્યું હતું કે મને નથી લાગતું કે હવે બસ પરેડ શક્ય બનશે.

ત્રીજી ટેસ્ટમાં પાકિસ્તાન પર ઇંગ્લેન્ડે 320 રનની સરસાઇથી સકંજો જમાવ્યો

પાકિસ્તાનના પ્રથમ દાવના 133 રનના સ્કોર સામે ઇંગ્લેન્ડે પ્રથમ દાવમાં 453 રન બનાવ્યા

ઇંગ્લેન્ડ વતી નીચલા ક્રમના બેટ્સમેનોનું પણ ઉપયોગી યોગદાન, રઝાઉલ્લાએ ડેબ્યુ ટેસ્ટમાં ચાર વિકેટ લીધી

બર્મિંઘમ, તા. 10 : એજબેસ્ટન ટેસ્ટના આજે ગુરુવારે બીજા દિવસે ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં 453 રન બનાવીને પાકિસ્તાન પર 320 રનની મજબૂત સરસાઇ મેળવીને પોતાનો સકંજો જમાવી દીધો છે. પાકિસ્તાન પ્રથમ દાવમાં માત્ર 133 રને ઓલઆઉટ થયું હતું.

આજે 52 રનથી આગળ રમવા આવેલા બ્રુક અને પાંચ રનથી આગળ રમવા આવેલા લોરેન્સે પહેલા કલાકમાં પ્રતિ ઓવર સાતથી વધુ રનની ઝડપે રન બનાવ્યા હતા. બ્રુક 75 રનના અંગત સ્કોર પર રનઆઉટ થઈ ગયો. લોરેન્સે સળંગ ત્રણ ટેસ્ટમાં અડધી સદી ફટકારવા માટે માત્ર 47 બોલ લીધા હતા. તે 65 રને આઉટ થયો હતો. બુધવારે વિકેટકિપિંગ કરતી વખતે ઘાયલ થયેલા વિકેટ કીપર દેમી સ્મિથે 69 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. જ્યારે ઝડપી બોલર રોબિન્સને પણ અર્ધસદી ફટકારી હતી. જોફ્રા આર્ચરે પણ 32 રનની ઈનિંગ રમી હતી. આર્ચર અને જોશ ટંગે અંતિમ વિકેટની ભાગીદારીમાં 44 રન ઉમેરીને સ્કોર 450ને પાર પહોંચાડ્યો હતો. પાકિસ્તાન વતી ટેસ્ટ ડેબ્યુ કરનારા રઝાઉલ્લાએ ચાર જ્યાર મહંમદ અલી અને મહંમદ ઈમરાને 2-2 વિકેટ લીધી હતી.

પાકિસ્તાન પ્રથમ દાવ	133			
ઈંગ્લેન્ડ પ્રથમ દાવ	રન	બોલ	4	6
ડકેટ કો.બાબર બો.અલી	11	15	2	0
એમિલિયો બો.રઝાઉલ્લા	60	114	9	0
કોક્સ LB બો.અબ્બાસ	4	6	0	0
રૂટ LB બો.રઝાઉલ્લા	8	18	0	0
બ્રુક રનઆઉટ	75	97	6	0
લોરેન્સ બો.ઇમરાન	65	82	9	0
સ્મિથ કોએન્ડબો.રઝાઉલ્લા	69	84	9	1
એટકિન્સન બો.ઇમરાન	19	36	4	0
રોબિન્સન કો.મસૂદ બો.રઝાઉલ્લા	50	47	7	1
આર્ચર નોટઆઉટ	32	27	1	2
ટંગ કો.ગાઝી બો.અલી	15	20	3	0
વધારાના	45			
કુલ (89 ઓવરમાં ઓલઆઉટ)	453			

વિકેટપતન : 1-12, 2-24, 3-39, 4-143, 5-229, 6-293, 7-331, 8-372, 9-409, 10-453

બોલિંગ	O	M	R	W
મહંમદ અબ્બાસ	23	1	95	1
મહંમદ અલી	19	2	92	2
રઝાઉલ્લા	23	0	148	4
મહંમદ ઇમરાન	16	1	47	2
સેમ અયુબ	8	0	41	0

અનુસંધાન ... પાના પહેલાનું

અમેરિકાની મિડટર્મ...

તેહરાન સાથે સક્રિયપણે વાટાઘાટોની આશા રાખી રહ્યું નથી, જોકે તેમણે ભવિષ્યમાં વાતચીત થવાની શક્યતા ખુલ્લી રાખી હતી. ઈરાન સાથે ટ્રમ્પનું આ યુદ્ધ હવે સાતમા મહિનામાં પ્રવેશ્યું છે, જેનો કોઈ તાત્કાલિક અંત દેખાતો નથી. તે જ સમયે, રિપબ્લિકન નેતાની લોકપ્રિયતા રેટિંગ રેકોર્ડ નીચલી સપાટીએ પહોંચી ગઈ છે, કારણ કે મતદારો લંબાતા ઈરાન યુદ્ધ અને વધી રહેલી મોંઘવારીથી વધુને વધુ હતાશ થઈ રહ્યા છે.

યમનના વ્યુહાત્મક...

આવી હતી. એક દાયકાથી વધુ સમય સુધી ચાલેલા ગૃહયુદ્ધનો અંત લાવવા માટે 2022માં હસ્તાક્ષર કરાયેલા યુદ્ધવિરામ પછી મોખા પરનો કબજો એ હુથીઓનો સૌથી મોટો પ્રાદેશિક વિજય છે. પૂર્ણ-કક્ષાના ગૃહયુદ્ધમાં વાપસી યમનના લોકો અને સંભવિત રીતે વિશ્વના ઉર્જા પુરવઠા માટે વિનાશક બનશે. મોખાના રહેવાસીઓએ એપીને જણાવ્યું હતું કે સમગ્ર શહેરમાં હુથી દળો જોવા મળી રહ્યા છે અને બજારો બંધ થઈ ગયા છે. મોખા પર લાંબા સમયથી યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર સાથે જોડાયેલા દળોનું નિયંત્રણ હતું.

ભારત પાસેથી શીખ્યા...

એપ્રુવલ રેટિંગ્સનો લાભ ઉઠાવવા માંગે છે. પ્રમુખે કહ્યું કે આમાં માત્ર એક જ શરત હશે કે નાણાં મેળવનારે તે રકમ અમેરિકામાં જ ખર્ચવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે અગાઉ પણ રેવડી જેવું વચન આપ્યું હતું. ૨૦૨૪માં પોતાની બીજી ટર્મની શરૂઆતમાં ટ્રમ્પે ડોજ ડિવિડન્ડ અને ટેરિફ રિફંડની વાત વહેતી મૂકી હતી જેમાં તે સમયે મસ્કની આગેવાની હેઠળના ડોજ વિભાગની કામગીરીથી છટણી કરાયેલા કર્મચારીઓના પગારની રકમ અને ટેરિફમાંથી ઉપજેલી રકમમાંથી રોકડ હિસ્સો સામાન્ય લોકોને આપવાની વાત હતી પર આ વચનો ટ્રમ્પ પૂરા કરી શક્યા ન હતા.

મોદીના ભવ્ય ગાલા...

કલાકારોનું એક ખાસ મંડળ 'બ્રિક્સ સિમ્ફની' રજૂ કરશે: દેશના વિવિધ પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરતા કલાકારો ભરતનાટ્યમ, કુચિપુડી, ઓડિસી અને કથક જેવા શાસ્ત્રીય નૃત્યો રજૂ કરશે. ભારતીય પરંપરાગત વાદ્યોની સાથે બ્રિક્સના અન્ય સભ્ય દેશોના વાદ્યકારોનો સમન્વય જોવા મળશે. 20 થી 25 મિનિટના આ કાર્યક્રમમાં સંગીતની સાથે ગાયનનો પણ સમાવેશ કરાયો છે.

બ્રિક્સ સંમેલનનો...

નેતાઓનું આગમન): બ્રિક્સના ભાગીદાર અને આમંત્રિત દેશોના વડાઓ ભારત મંડપમના લેવલ-2 પર આગમન કરશે.

સવારે 10:35 વાગ્યે (સામૂહિક ફોટોગ્રાફ): લેવલ-2 પર તમામ નેતાઓનો ગ્રુપ ફોટો લેવામાં આવશે.

સવારે 10:50 વાગ્યે (ઓપન સેશન): લેવલ-2 સ્થિત સમિટ હોલમાં બ્રિક્સ શિખર સંમેલનનું ખુલ્લું સત્ર યોજાશે.

ભારતના અણુ...

પ્લુટોનિયમ બનાવ્યું હોઈ શકે છે અને 190 સુધીના વોરહેડ્સ એસેમ્બલ કર્યા હોઈ શકે છે. વધુ શસ્ત્ર પ્રણાલીઓ વિકાસ હેઠળ હોવાને કારણે, દેશના વોરહેડના જથ્થામાં વધુ વધારો થવાની શક્યતા છે. ભારતે 1998માં પોખરણ-II પરમાણુ પરીક્ષણો પછી 'નો-ફર્સ્ટ-યૂઝ' નીતિ અપનાવી હતી અને તે આજે પણ આ નીતિ પર અટલ છે. તાજેતરમાં સરકારે સંસદમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વસનીય ન્યૂનતમ નિવારક ક્ષમતા જાળવવા અને પરમાણુ શસ્ત્રોના 'નો ફર્સ્ટ યુઝ'(પહેલા પ્રહાર નહીં કરવા)ની નીતિ માટે પ્રતિબદ્ધ છે. FAS લેખમાં જણાવાયું છે કે 2026ની શરૂઆત સુધીમાં, ઈન્ટરનેશનલ પેનલ ઓન ફિશાઈલ મટીરીયલ્સે ભારતે અંદાજે 730 કિલોગ્રામ શસ્ત્ર-ગ્રેડ પ્લુટોનિયમનું ઉત્પાદન કર્યું હોવાનો અંદાજ મૂક્યો હતો. આ ૧૪૦થી ૨૨૫ અણુ બોમ્બ બનાવવા માટે પુરતું છે.

બ્રિક્સ સમિટ:...

આત્માને જાળવી રાખીને તેને આંતરરાષ્ટ્રીય સ્વાદ અનુસાર પીરસવાનો છે: વિદેશી મહેમાનોને ભારતીય મસાલાઓથી અસ્વસ્થતા ન થાય તે રીતે તીખાશ અને ટેક્સચરનું પરફેક્ટ બેલેન્સ બનાવવામાં આવ્યું છે. હોટલના ખાસ વેલનેસ પ્રોગ્રામ હેઠળ ભારતીય પરંપરાગત મિલેટ્સ (ધાન્ય) આધારિત વાનગીઓ સમાવવામાં આવી છે, જેમ કે ક્વિનોઆ ઉપમા, રાગી ઢોંસા અને ફિંગર મિલેટ (નાગલી) પાયસમ. ભારતના પ્રાદેશિક ફળો, મસાલા અને દેશી અનાજનો પરિચય વૈશ્વિક નેતાઓને કરાવવામાં આવશે.

મનમોહક આકર્ષણ: એડિબલ 'લોટસ સેન્ટરપીસ'

આ ખાસ પ્રસંગ માટે હોટલ દ્વારા એક આકર્ષક ખાદ્ય સેન્ટરપીસ તૈયાર કરવામાં આવી છે. આ સેન્ટરપીસ ગુલાબ, કેસર, એલચી, સ્થાનિક ફળો અને વ્હાઇટ ચોકલેટમાંથી બનાવવામાં આવી છે. કમળનું ફૂલ ભારતનું રાષ્ટ્રીય ફૂલ હોવાની સાથે બ્રિક્સ ઇન્ડિયા 2026ના લોગો અને 'ધ લીલા' બ્રાન્ડની ઓળખનું પ્રતીક છે.

ચીનના રાષ્ટ્રપતિ...

ભારત મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે મોદી સાથે વ્યાપક વાટાઘાટો કરી હતી. 2014ની આ મુલાકાત બંને નેતાઓના પ્રથમ કાર્યકાળ દરમિયાન થઈ હતી. શી જિનપિંગની આ આગામી મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તે 2020ના પૂર્વ લડાખ સંઘર્ષ પછી સ્થગિત થયેલા સંબંધોને સામાન્ય બનાવવા માટે ભારત અને ચીન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો વચ્ચે થઈ રહી છે. જિનપિંગની મુલાકાત પહેલાં, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ગયા મહિને બેઈજિંગમાં સરહદ મુદ્દા, સરહદ પર શાંતિ અને સુમેળ જાળવવા અને દ્વિપક્ષીય સંબંધો સુધારવાના પગલાં અંગે વ્યાપક ચર્ચા થઈ હતી. સીમા વિવાદ અને વ્યાપક દ્વિપક્ષીય મુદ્દાઓ પરની આ મહત્વપૂર્ણ ચર્ચાઓની પૃષ્ઠભૂમિ વચ્ચે, શિખર સંમેલન દરમિયાન મોદી અને શિનપિંગ વચ્ચેની બેઠક પર ભારત-ચીન સંબંધોના ભવિષ્યના માર્ગના સંકેતો માટે બારીક નજર રાખવામાં આવે તેવી શક્યતા છે.

દિલ્હી ડાયરી...

સૂર્યકાંતે ગઈકાલે ચુકાદો આપ્યો હતો કે કોર્ટ સત્તાવાળાઓ પાસેથી આ અંગે સ્પષ્ટતા માંગશે. વરિષ્ઠ એડવોકેટ બિશ્વજીત ભટ્ટાચાર્ય દ્વારા નોટિસ અંગેના એક સમાચાર પત્રના અહેવાલ તરફ ધ્યાન દોર્યા બાદ સીજેઆઈએ કહ્યું, ''અમને આશ્ચર્ય થાય છે. જ્યારે અમે તેને પહેલાથી જ રદ કરી દીધું છે અને નિર્દેશ આપ્યો છે કે નોંધાયેલી એફઆઈઆર પર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં, ત્યારે મેજિસ્ટ્રેટે નોટિસ આપવાની હિમત કેવી રીતે કરી.'' જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ મોહનાની બનેલી બેન્ચ સમક્ષ વકીલે જણાવ્યું હતું કે, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ નોઈડાની ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના દ્વિતીય વર્ષના વિદ્યાર્થી અક્ષત ત્રિપાઠીને નોટિસ મોકલી હતી. અક્ષત ત્રિપાઠીને શાંતિ જાળવી રાખવા માટે ₹5 લાખના વ્યક્તિગત બોન્ડથી શા માટે બાંધવામાં ન આવે તે અંગે પૂછવામાં આવ્યું હતું. આ નોટિસ પાછળથી રદ કરવામાં આવી હતી.

રાહુલ ગાંધીના અભિયાન સામે નિતિન નબીનનો વળતો પ્રહાર

એવા સમયે જ્યારે પેપર લીક અને પરીક્ષાની કથિત અનિયમितતાઓને લઈને સરકાર ટીકાઓનો સામનો કરી રહી છે ત્